# પ્રેસનોટ

ધી પ્રોહીબીશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ-૨૦૧૩ અને તે મુજબ રાજય સરકારશ્રીનાં આદેશાનુસાર તમામ ચીફ ઓફિસરશ્રી- નગરપાલિકાઓ મ્યુ.કમિશ્નરશ્રી- મહાનગરપાલિકાઓ તથા જિલ્લા કલેકટરશ્રી હસ્તકના ગટર સફાઈ તથા ખાળકુવા સફાઈ વિગેરેની કામગીરી દરમ્યાન ગટર ગુંગળામણથી વર્ષ ૧૯૯૩ થી આજદિન સુધીમાં ચાલુ ફરજ દરમ્યાન થયેલ સફાઈ કામદારોનાં થયેલા આકસ્મિક મૃત્યુ સંદર્ભે જે તે સમયે મેયર્સ ફંડ અને અન્ય યોજના હેઠળ આર્થિક સહાય આપવા ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટના કેસ નં.૫૮૩/ ૨૦૦૩ તા.૨૭/૦૩/૨૦૧૪ ના ચુકાદા મુજબ વર્ષ ૧૯૯૩ થી ગટર ગુંગણામણને કારણે મૃત્યુ પામેલ સફાઈ કામદારોના મૃત્યુના કેસમાં સફાઈ કામદારોના વારસદારોને રૂા.૧૦.૦૦ લાખનું વળતર ચુકવવા આદેશ કરવામાં આવેલ. સદર બાબતે ભારત સરકારશ્રીનાં સફાઈ કામદારોની રાષ્ટ્રીય આયોગ અનુસુચિત જાતિ નવી દિલ્હી તથા નેશનલ સફાઈ કામદાર કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોપોરેશન તેમજ ગુજરાત રાજય સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગરના આ માટે નિર્દિષ્ટ થતા માર્ગદર્શક હુકમો મુજબ સુરત મહાનગરપાલિકાએ આ દિશામાં મૃતક પરિવારોના વારસદારોની ઓળખ કરી તેમને સમયસર આ સહાય મળે એ દિશામાં કાર્યવાહી હાથ ધરી હતી.

હાલમાં સુપ્રિમ કોર્ટના કેસ નં. ૫૮૩/૨૦૦૩ તા. ૨૭/૦૩/ ૨૦૧૪ ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા હતી. rit Petition (Civil) No (S). 324/2020, Dr. Balramsingh Vs Union Of India & Ors. કેસમાં તા.૨૦/૧૦/૨૦૨૩ ના હુકમથી વળતરની રકમમાં વધારો કરીને રૂા.૩૦.૦૦ લાખ કરવામાં આવેલ છે.જે અન્વયે ગુજરાત સરકારશ્રી તરફથી અત્રે મળેલ લીસ્ટ મુજબ ૧૫૨ ગટર ગુંગળામણથી મૃત્યુ પામેલ મૃતકો પૈકી ૨૦ મૃતકોના સુરત શહેર હદ વિસ્તારમાં મૃત્યુ થયેલ હતા. જે પૈકી સ્વ.લક્ષ્મીબેનના વારસદારો (૧) સુરામોની ચંદ્રપ્પાને રૂા.૧૫.૦૦ લાખનો અને (૨) સુરામોની ગોવિંદમ્માને રૂા.૧૫.૦૦ લાખનો મળીને કુલ રૂા.૩૦.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રીસ લાખ પુરા) નો ચેક વળતર પેટે આજરોજ તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજ માન.મેયરશ્રી માન.ડે.મેયરશ્રી માન.નેતાશ્રી શાસક પક્ષ અને મેયર ફંડ સમિતિના સભ્યશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે માન.મેયરશ્રી માન.ડે.મેયરશ્રી માન.નેતાશ્રી શાસક પક્ષા અને મેયર ફંડ સમિતિના સભ્યશ્રી ધ્વારા મૃતકના પરિવારને સહાનુભુતિ પૂર્વક તેમની હાલની આર્થિક સ્થતિ કૌટુંબિક બાબત વિગેરેની પૃચ્છા કરી તેમને સાંત્વના આપી હતી તથા સરકારશ્રીની સદર યોજના હેઠળ તેમને આ સહાય આપવામાં આવી છે તે અંગેની તેઓને જાણ પણ કરી હતી. આમ સુરત મહાનગર પાલિકા

ધ્વારા ધી પ્રોહીબીશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઘેર રીહેબીલીટેશન એકટ-૨૦૧૩ અને સુપ્રિમ કોર્ટના કેસ નં. ૫૮૩/૨૦૦૩ તા.૨૭/૦૩/૨૦૧૪ ના ચુકાદા મુજબ ગટર સફાઈ તથા ખાળકુવા સફાઈ વિગેરેની કામગીરી દરમ્યાન સુરત મહાનગર પાલિકાની હદ વિસ્તારમાં મૃત્યુ પામેલ તમામ મૃતકોના વારસદારોને સહાય આપવાની કામગીરી ૧૦૦% પુર્ણ કરેલ છે. ગુજરાત રાજયમાં સહાય આપવાની કામગીરી ૧૦૦% પુર્ણ કરનાર એક માત્ર મહાનગરપાલિકા છે.

## જનસંપર્ક વિભાગ

## સુરત મહાનગર પાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં **08**, તા.**04/04/2025**

